**આંક–૦૬**
દાખલ તારીખ– ૨૭/૦૫/૨૦૨૬
રજી. તારીખ – ૨૭/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ – ૦૧/૦૬/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૦૫

---

# દાહોદ જીલ્લાની બીજી એડિશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ફોજદારી પરચુ. અરજી નં.૧૬૬/૨૦૨૬**

સનીયાભાઈ s/o મસુલભાઈ ભવાનભાઈ ભાભોર

ઉ.વ.આ.૪૭, ધંધો–ખેતી/ડ્રાઈવર,

રહે.મંડોર, હઠીલા ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદ.

**.....અરજદાર**

**વિરુદ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર/આરોપી તર્ફે – વિ.વકીલશ્રી એસ.આર. મોર્ય**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી**

---

**– ચુ કા દો –**

(૧) અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રજુ કરી તેઓને ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ–સી એફ.આઈ.આર. નં.૧૧૮૨૧૦૧૪૨૬૦૪૩૬/૨૦૨૬, પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવ્યા મુજબના જુદા–જુદા કારણોસર નિયમીત જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી. બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૩) અરજદારના વિ.વકીલશ્રી એસ.આર. મોર્યનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદાર તા.૨૪/૦૫/૨૦૨૬ ના રોજ ધરપકડ થયેલ ત્યારથી કસ્ટડીમાં છે. અરજદાર તદ્દન નિર્દોષ છે અને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધા છે. મુદ્દામાલ જે ટ્રેક્ટર–ટ્રોલીમાંથી મળી આવેલ તે અરજદારની માલીકીની નથી. અરજદાર છુટક ડ્રાઈવીંગ કામ કરે છે અને મુદ્દામાલ વિશે તેમને માહિતી નથી. કહેવાતો મુદ્દામાલ અરજદારના કબજામાંથી મળ્યો નથી. અરજદાર કુટુંબના કમાનાર એકમાત્ર વ્યકિત છે. સ્થાનીક રહીશ છે અને નાસીભાગી જાય તેવા નથી. આ અદાલત ફરમાવે તે શરતોનું પાલન કરવા સંમત હોવાનું જણાવી અરજદારને જામીનમુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદારના કબજા ભોગવટાના ટ્રેક્ટર–ટ્રોલીમાં ઈંટોની નીચેથી રુ.૪,૦૩,૪૪૦/– ની કિંમતનો પ્રતિબંધીત મુદ્દામાલ મળી આવ્યો છે. અરજદારે પકડાયેલ વાહનના ચાલક હોવાની હકીકત ખુલવા પામેલ છે. અરજદાર આવી પ્રોહીબીશનની ગુનાહીત પ્રવૃત્તિ કરવા ટેવાયેલા છે. અન્ય

આરોપીઓને પકડવાના બાકી છે. અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય ગુનો છે. અરજદારને જામીન મુક્ત કરવામાં આવે તો આવી પ્રવૃત્તિ કરનારાઓને વેગ મળે તેમ હોય અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ધાનપુર પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે વખતે બાતમી મળેલ કે એક ટ્રેક્ટર–ટ્રોલીમાં ઇંટોની નીચે ઈંગ્લીંશ દારુ ભરી રાછવા ગામે લવારીયા ફળીયામાં મુકેલ છે જેથી પંચોને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ રેડ કરતા ટ્રેક્ટર–ટ્રોલીમાં ઇંટો ભરેલ જણાવેલ જે ઇંટોને હટાવી તપાસ કરતા ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીંશ દારુ તથા ટીન બીયરની પેટીઓ કુલ બોટલો નંગ–૧૮૯૬, કિંમત રુ.૪,૦૩,૪૪૦/– નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે.

(૬) આ કામે પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા અરજદાર પકડાયેલ ટ્રેક્ટર–ટ્રોલીના ડ્રાઈવર હોવાનું મળી આવેલ છે. આમ, અરજદાર વિરુદ્ધ પ્રથમદર્શનીય ગુનો હોવાની હકીકત મળી આવે છે. અરજદાર ખુબ જ મોટી માત્રામાં આ જથ્થો અન્ય આરોપીઓ સાથે મળી ઇંટોની આડમાં લાવેલ હોવાની હકીકત તપાસમાં મળી આવેલ છે જે જોતા ગુનાની ગંભીરતા વધી જાય છે. ગુનાના અન્ય આરોપીઓને પકડવાના બાકી છે. આંક–૬ થી રજુ ત.ક.અમલદારનું સોગંદનામું વંચાણે લેતા અરજદાર વિરુદ્ધ હાલના ગુના ઉપરાંત અન્ય એક પ્રોહીબીશનનો ગુનો નોંધાયેલ હોવાનું જણાવેલ છે. અરજદાર આવી પ્રોહીબીશનના પ્રવૃત્તિ કરવા ટેવાયેલા રીઢા ગુનેગાર હોય અરજદારને જામીનમુક્ત કરવામાં આવશે તો આવા પ્રકારના ગુનાઓ કરવાવાળાને ઉત્તેજન મળે અને સમાજ ઉપર વિપરીત અસર થાય તેમ જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- અરજદાર/આરોપી સનીયાભાઈ s/o મસુલભાઈ ભવાનભાઈ ભાભોર, રહે.મંડોર, હઠીલા ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદનાઓની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.
- હુકમ આજ તા.૦૧લી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી